
# વૈશ્વિક શસ્ત્રદોડ પુનઃ વેગ પકડી રહી છે

**પરિવર્તન સંસારનો એકમાત્ર અને અફર નિયમ છે. એથી વધુ આ એક સાર્વત્રિક નિયમ છે એમ કહી શકાય. એટલે કે આ નિયમ સર્વસામાન્ય રીતે બધાં જ ક્ષેત્રોને લાગુ પડે છે**



આવું એટલા માટે કહી શકાય કે પરિવર્તનનો કન્સેપ્ટ મહદંશે કોઈ પણ બાબતના સ્વરૂપને લાગુ પડે છે. અહીં સરળતા ખાતર યુદ્ધ, યુદ્ધનું મેદાન, સંરક્ષણ અને શસ્ત્રોની વાત કરીએ તો આ ક્ષેત્ર પણ સ્વરૂપ પરિવર્તનના આ વાયરામાંથી બાકાત નથી.



ખાસ કરીને શસ્ત્રદોડની વાત કરીએ ત્યારે સૌપ્રથમ તો આ શસ્ત્રદોડનો કન્સેપ્ટ ઈતિહાસના હિસ્સારૂપ એટલે કે ઐતિહાસિક લાગે અને પહેલા ધડાકે તો આપણે પણ બંને વિશ્વયુદ્ધોથી શરૂ કરીને રશિયા-અમેરિકા વચ્ચેની લાંબી કોલ્ડ વૉર સુધીના યુગમાં જ પહોંચી જઈએ. વિશ્વના ઈતિહાસના આ લાંબા સમયખંડ દરમ્યાન શસ્ત્રદોડ તેની ચરમસીમા પર હતી. હવે વર્તમાન સમયની હકીકત એ છે કે શસ્ત્રદોડ એ માત્ર કોઈ એક ઐતિહાસિક ઘટના નથી પણ વર્તમાન સમયની પણ એક સ્વીકારવી પડે તેવી વાસ્તવિકતા છે. હાલ જેમ યુદ્ધ, યુદ્ધમેદાન





અને ખુદ સંરક્ષણ ક્ષેત્રનું સ્વરૂપ બદલાયું છે તેમ વર્તમાન સમયની દુનિયાની શસ્ત્રદોડનું સ્વરૂપ પણ બદલાયું છે. વર્તમાન સમયની શસ્ત્રદોડને સમજવી હોય તો એને મુખ્યત્વે ત્રણ હિસ્સામાં સમજવી પડે.

પરમાણુ શક્તિ અને શસ્ત્રોનું અને એ રીતે આ બાબતની સજ્જતાનું પણ આધુનિકીકરણ: આ મુદ્દાની વાત કરીએ તો અમેરિકા અને રશિયા સૌપ્રથમ યાદ આવે. આ બંને દેશો પાસે બહુ શરૂઆતના સમયથી જ પરમાણુ શસ્ત્રોનો મોટો જથ્થો છે એ જગજાહેર વાત છે. એ ઉપરાંત આ મુદ્દે રશિયાની વર્તમાન પરિસ્થિતિ અંગે તો એની જાણીતી ખાસિયત મુજબ ખાસ માહિતી બહાર આવતી નથી પણ આખી દુનિયાને પરમાણુ શસ્ત્રોનાં ઉત્પાદન પરીક્ષણ, ઉપયોગ અને નિયંત્રણ અંગે સલાહ આપતા રહેતા અમેરિકાની ખુદની પરમાણુ શસ્ત્રસજ્જતા કેટલી છે એ જગજાહેર છે. એ ઉપરાંત હવેના સમયમાં ભારત, પાકિસ્તાન અને ચીન જેવા દેશો પણ પસાર થતા સમયની સાથે પરમાણુ શસ્ત્રો બાબતે વધુ ને વધુ સજ્જ બની રહ્યા છે. આનાથી પણ હાલ દુનિયામાં શસ્ત્રદોડ ફરી વેગ પકડી રહી છે.

AI સંચાલિત અને અન્ય રીતે સ્વયંસંચાલિત શસ્ત્રોની બોલબાલા: વર્તમાન સમય ટેકનોલજીનો છે. એટલે જ અત્યારે AI સંચાલિત અને અન્ય રીતે સ્વયંસંચાલિત શસ્ત્રોની બોલબાલા વધી રહી છે. આ રીતે વર્તમાન સમયની વૈશ્વિક શસ્ત્રદોડને ઉત્તેજન આપવામાં ટેકનોલોજી અને શસ્ત્રોનું સમય મુજબનું આધુનિકીકરણ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

પરંપરાગત શસ્ત્રોનું પણ બદલાતું સ્વરૂપ અને અગાઉ ખાસ કરીને બંને વિશ્વયુદ્ધોમાં બદતર રીતે ખુવાર થયા પછી નિઃશસ્ત્રીકરણ અપનાવનાર દેશો દ્વારા પુનઃ શસ્ત્રીકરણનું અનુસરણઃ આ ઉપરાંત પરંપરાગત શસ્ત્રોનું પણ બદલાતું સ્વરૂપ અને અગાઉ ખાસ કરીને બંને વિશ્વયુદ્ધોમાં બદતર રીતે ખુવાર થયા પછી નિઃશસ્ત્રીકરણ અપનાવનાર દેશો દ્વારા પુનઃ શસ્ત્રીકરણનું અનુસરણ પણ વર્તમાન સમયની વૈશ્વિક શસ્ત્રદોડ માટેનાં મહત્ત્વના પરિબળો છે. જેમ કે બીજા વિશ્વયુદ્ધમાં ખુવાર થઈને નિઃશસ્ત્રીકરણ સ્વયંભૂ અપનાવનાર જાપાન હવે ફરી શસ્ત્રોના બજારમાં પ્રવેશીને શસ્ત્રોના વેપાર પર ફરી એકવાર હાથ અજમાવવાની તૈયારી કરી રહ્યું હોવાના તાજા સમાચાર છે. આ ઉપરાંત ખાસ કરીને વિશ્વસ્તરે પરમાણુ શસ્ત્રોના ઉત્પાદન માટેનો ખર્ચ 119 બિલિયન ડોલર સુધી પહોંચ્યો હોવાનો અંદાજ છે. આ સંદર્ભે વિવિધ દેશોના કુલ સંરક્ષણ બજેટો પણ વધી રહ્યા હોવાનું દેખાય છે. એ ઉપરાંત શસ્ત્રોનો વેપાર શસ્ત્રદોડને દોડતી રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે અને એ પણ હકીકત છે કે એક તરફ શાંતિની વાતોનો અતિરેક અને બીજી તરફ હાલ વૈશ્વિક સ્તરે સતત યુદ્ધમય માહોલ વચ્ચે શસ્ત્રોનો વેપાર જોર પકડી રહ્યો છે. આથી બધા દેશો પોતપોતાની સુરક્ષાના નામે જાણે અજાણે વૈશ્વિક શસ્ત્રદોડ વધારવામાં નિમિત્ત બની રહ્યા છે.






# રામચરણની 'પેડ્ડી' એ દક્ષિણની ઈજ્જત પર પાણી ફેરવી દીધું છે?!

બોક્સ ઓફિસ પર રામચરણની ફિલ્મ 'પેડ્ડી' એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવીને 6 દિવસમાં રૂ.250 કરોડ કમાઈ લીધા છે. જ્યારે વરુણની 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' ફિલ્મે વીક એન્ડમાં રૂ.28 કરોડનું ધમાકેદાર અને આશ્ચર્યજનક ઓપનિંગ મેળવ્યું છે. આ ફિલ્મે તમામ અપેક્ષાઓને પાછળ છોડીને વર્ષ ૨૦૨૬માં બોલિવૂડની કોઈ પણ રોમેન્ટિક ફિલ્મ કરતાં સૌથી મોટું ઓપનિંગ મેળવવાનો રેકોર્ડ બનાવ્યો છે પણ દુઃખની વાત એ છે કે 'બંદર' જેવી સારા કન્ટેન્ટ વાળી ફિલ્મ રૂ.2 કરોડ પણ કમાઈ શકી નથી. બોલિવૂડને કોસવામાં આવે છે પણ દર્શકો સારા વિષયને બદલે માત્ર ગ્લેમર અને ડાન્સ જોવા જ થિયેટરમાં દોડે છે. નિર્દેશક બુચી બાબુએ 'પેડ્ડી' માં કેમેરા એન્ગલ એવા રાખ્યા હતા કે અડધી જનતા તો એ જોવા જ ગઈ હતી! પણ વિવાદ થતાં નિર્દેશકે કહ્યું કે અમે મહિલાઓનું સન્માન કરીએ છીએ અને વિવાદિત સીન હટાવી દીધા છે. જો કે કમાણી તો થઈ ગઈ અને હવે સીન હટાવ્યા એટલે લોકો પાછા અસલ વર્ઝન ડાઉનલોડ કરવાના જુગાડમાં લાગી જશે. એવી પણ અફવા છે કે જહાનવી કપૂર પોતે પણ આવા ઝૂમ-ઈન કેમેરા શોટ્સથી અજાણ હતી અને તેણે ના પાડી હતી. ખરેખર તો વાર્તા એવી છે કે ફિલ્મમાં હીરોઈનની જરૂર જ ન હતી. સાઉથ ઈન્ડસ્ટ્રીએ 'બાહુબલી' અને 'RRR' થી જે ઈજ્જત કમાઈ હતી તેના પર 'પેડ્ડી'એ પાણી ફેરવી દીધું છે. લવ સીન્સ અને નકામાં ગીતો કાપીને ફિલ્મને ટૂંકી કરી શકાતી હતી. 'ચીકરી' સિવાય કોઈ ગીત વારંવાર સાંભળવા જેવું નથી. આ ફિલ્મ જોતી વખતે 'દંગલ', 'સુલતાન', 'ભાગ મિલ્ખા ભાગ', 'ચંદુ ચેમ્પિયન' અને 'પુષ્પા' જેવી ફિલ્મોની યાદ આવે છે. એવું લાગે છે કે બધી ફિલ્મો ભેગી કરીને આ 'પેડ્ડી' નામની ભેળ બનાવી દેવાઈ છે! એક્શન હોય, સ્પોર્ટ્સ હોય કે ઈમોશન્સ રામચરણે પોતાનું કામ બહુ જ પ્રામાણિકતાથી કર્યું છે. એ. આર. રહેમાનના સંગીતના કારણે જ રામચરણનું પર્ફોર્મન્સ લાર્જર ધેન લાઈફ લાગે છે અને આ સંગીતે જ ફિલ્મને સાવ બી-ગ્રેડ સિનેમા બનતા બચાવી લીધી છે. બીજી ફિલ્મ જેને સમીક્ષકોએ ખાસ વખાણી નથી એ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' ને બોલિવૂડના જાણીતા નિર્દેશક ડેવિડ ધવને પોતાના પુત્ર વરુણ ધવન માટે ખાસ તૈયાર કરી છે. જો કે ફિલ્મ જોયા પછી પહેલો વિચાર એ આવે કે પિતાજી પોતાના દીકરાને કયા જમાનામાં પાછો લઈ જવા માંગે છે! પહેલા ભાગમાં વાર્તા જરા ધીમી ગતિએ ચાલે છે. શરૂઆતમાં બહુ મોટા કોમેડી સીન્સ જોવા મળતા નથી અને દર્શકોને એવું લાગે છે કે કદાચ ખોટી ફિલ્મમાં આવી ગયા છીએ પરંતુ બીજા ભાગમાં ફિલ્મ પોતાની અસલી ગતિ પકડે છે. ખાસ કરીને જ્યારે વાર્તામાં જસની નકલી માતા તરીકે મૌની રોયની એન્ટ્રી થાય છે ત્યારે થિયેટરમાં હાસ્યના ફુવારા છૂટે છે. આ સિવાય વરુણ ધવન, ચંકી પાંડે અને તેમના કમ્પાઉન્ડર બનેલા રાકેશ બેદી વચ્ચેના સીન્સ પણ બહુ મજેદાર બન્યા છે. અભિનયની દ્રષ્ટિએ જોઈએ તો વરુણ ધવને પોતાની પૂરી એનર્જી સ્ક્રીન પર ઠાલવી દીધી છે. તે એકદમ ફ્રી ફ્લોમાં કોમેડી કરતો જોવા મળે છે. અહીં એક મોટો લોચો એ છે કે વરુણ પોતાની અસલ એક્ટિંગ સ્ટાઈલ છોડીને ગોવિંદાની નકલ કરતો હોય એવું વધારે લાગે છે. 90ના દાયકામાં ગોવિંદાની લાઉડ કોમેડી અને ફેસ એક્સપ્રેશન્સ લોકોને બહુ ગમતા હતા પણ આજના યુગમાં દર્શકો થોડી સ્વાભાવિકતા પસંદ કરે છે. વરુણ પાસે 'બદલાપુર' કે 'ઓક્ટોબર' જેવી ફિલ્મોમાં પોતાની અદભુત પ્રતિભા સાબિત કરવાનો ટ્રેક રેકોર્ડ છે. છતાં તે શા માટે આવા આઉટડેટેડ ઝોનમાં પોતાનું ટેલેન્ટ વેડફી રહ્યો છે તે એક મોટો સવાલ છે. મૃણાલ ઠાકુર અને પૂજા હેગડે બંને સ્ક્રીન પર ખૂબ જ ગ્લેમરસ અને સુંદર લાગી રહી છે. વરુણ સાથે મૃણાલની કેમિસ્ટ્રી એકદમ જોરદાર લાગે છે, જ્યારે પૂજા સાથેના સીન્સ થોડા ઓવર ધ ટોપ લાગે છે. જો કે સ્ક્રિપ્ટ રાઈટરે આ બંને સ્ત્રી પાત્રોને મગજ વગરના દર્શાવ્યા છે. જીમી શેરગિલ અને મનીષ પોલ જેવા કલાકારોના રોલ પણ બહુ નબળા છે. જીમીને જોકર જેવો બનાવી દેવાયો છે અને મનીષ પોલના પાત્ર પાછળ જાડા માણસને જોઈને હાથીનું મ્યુઝિક વગાડવામાં આવે છે. આજના સમયમાં આવી બોડી-શેમિંગ અને રાજપાલ યાદવની હાઈટ પર જોક્સ કરવા એ નિર્દેશકની આઉટડેટેડ વિચારસરણી દર્શાવે છે. ફિલ્મના ગીતોમાં 'બીવી નંબર ૧' નું સુપરહિટ ગીત 'ચુનરી ચુનરી' જે રીતે રીમિક્સ કરીને મૂકવામાં આવ્યું છે તે થિયેટરમાં બેઠેલા દર્શકોના પગ ધ્રુજાવી દે છે. ફેમિલી ઓડિયન્સ માટે એક નાનકડી ચેતવણી એ છે કે ભલે આ ફિલ્મને ફેમિલી એન્ટરટેઈનર તરીકે પ્રમોટ કરવામાં આવી હોય પણ ફિલ્મમાં ડબલ મીનિંગ ડાયલોગ્સ અને વરુણ ધવનના અસંખ્ય કિસિંગ સીન્સ ભરપૂર માત્રામાં પીરસવામાં આવ્યા છે. ફિલ્મમાં કોઈ મોટી ફિલોસોફી, નવો કન્સેપ્ટ કે મજબૂત વાર્તાની આશા રાખતા હોય એમના માટે આ ફિલ્મ બિલકુલ નથી. ક્લાઈમેક્સ પણ કોઈ સંતોષકારક અંત આપતો નથી. પરંતુ થિયેટરના ઠંડા પવનમાં માત્ર મગજ ચલાવ્યા વગર ટાઈમપાસ જોક્સ અને સુંદર હીરોઈનોને પડદા પર જોવી હોય તો આ ફિલ્મ એક વખત જોઈ શકાય તેવી એવરેજ ટાઈમપાસ છે. વરુણ ધવનના ડાય-હાર્ડ ફેન્સ માટે આ એક ટિપિકલ મસાલા ટ્રીટ છે પણ બાકીના લોકો માટે માત્ર એક સામાન્ય મનોરંજનનું સાધન છે.

**આ ફિલ્મ જોતી વખતે 'દંગલ', 'સુલતાન', 'ભાગ મિલ્ખા ભાગ', 'ચંદુ ચેમ્પિયન' અને 'પુષ્પા' જેવી ફિલ્મોની યાદ આવે છે. એવું લાગે છે કે બધી ફિલ્મો ભેગી કરીને આ 'પેડ્ડી' નામની ભેળ બનાવી દેવાઈ છે!**




**ઓટોગ્રાફ!**

ફિલ્મ 'અલ્ફા' ના ટીઝરમાં આલિયાના એક્શન સીન જોઈને થિયેટરમાં સીટીઓ વાગશે પણ એના ડાયલોગ સાંભળીને એવું લાગશે કે બેન હજી હમણાં જ ઊંઘમાંથી જાગીને સીધા સેટ પર આવી ગયા છે!

# એક અબજોપતિ માલદારના કાળા કરતૂત...!

બિલ ગેટસ્ ને આખું જગત એક માનવતાવાદી અબજોપતિ તરીકે ઓળખે છે. પરંતુ ઘણાં લોકો એવી માનસિક્તા ધરાવે છે: “કોઈ અબજોપતિ હોય તેમાં આપણે કેટલા ટકા..?” અમારી મિત્રમંડળીમાં બિલ ગેટ્સની અઢળક સંપતિની ચર્ચા નીકળી ત્યારે ભગવાનદાસકાકાએ તેમની શૈલીમાં કહ્યું: “અબજપતિ ઓહે તો એના ઘરનો.. આપણને તે હું આપી કાઢતો છે..?” દોસ્તો, એક વાત અવગણવા જેવી નથી. આપણે પોતે ગાંધીજી ન હોઈ શકીએ, પણ ગાંધીજીની બે સારી વાતની કદર પણ ન કરીએ તો તે આપણું બૌદ્ધિક દારિદ્રય ગણાય. બિલ ગેટસ્ પાસે 87.4 અબજ ડોલર એટલે કે લગભગ 5.09 કરોડની સંપતિ છે. હમણાં તે ફરી વિશ્વના સૌથી અમીર માણસની યાદીમાં પ્રથમ ક્રમે આવ્યા. ધનાડ્યોની એ યાદીમાં 4.5 લાખ કરોડ રૂપિયાની સંપતિ સાથે બીજા ક્રમે (અને બ્રેક શિરે હાથ્વેના વોરેન બફેટ 4.01 સંપતિ સાથે ત્રીજા સ્થાને છે. આપણાં મુકેશ અંબાણી એ યાદીમાં ભારતના સૌથી અમીર આદમી છે. વિશ્વની યાદીમાં તેમનો 27 મો ક્રમ છે. અઝીમ પ્રેમજી પણ ટોપ - 50 ની યાદીમાં સામેલ છે)



દોસ્તો, સવાલ એ નથી કે તેઓ કેટલા ધનવાન છે, અથવા તેમના બેંક એકાઉન્ટમાં કેટલા અબજોનું બેલેન્સ છે? તેમની પાસે જરૂરિયાત કરતાં અધિક પૈસા હતા તે તેમણે દુઃખીઓને ચરણે ધરી દીધાં એ માટે આપણે તેમને નમન કરી શકીએ પણ એ નમન નફરતમાં ફેરવાઈ જાય એવી કેટલીક ચોંકાવનારી માહિતીઓ પ્રાપ્ત થઈ છે. બિલ ગેટસ્ દુનિયાના અમીરોની યાદીમાં મોખરે રહ્યા છે પણ તેમની હેવાનિયત વિષે જાણશો તો.. બોલી ઉઠશો કે: “ના ના...આ ગપગોળો છે. એવું હોય જ ના શકે..!”

દિલ્હીના પત્રકાર શક્તિ લખે છે કે ઉપર ઉપરથી દાનવીર લાગતો માણસ તેના અઘટિત કૃત્યોને છૂપાવવા માટે માનવતાની ચાદર ઓઢી રાખે છે. ભોપાલ યુનિયન કાર્બાઈડ પ્લાન્ટને મોટો અકસ્માત નડ્યો હતો. જેમાં ૨૦.૦૦૦ લોકો મરી ગયા હતા. અને પાંચ લાખથી ય વધુ લોકો બીમારીમાં સપડાયા હતા. ડાઉ કેમિકલ્સ નામની તે કંપનીમાં બિલ ગેટસનું અબજો રૂપિયાનું રોકાણ છે. કતલખાના જેવી એ ક્રૂર કંપનીના ગંદા નફામાંથી બહું મોટો ભાગ બિલ ગેટસને આજે પણ મળે છે. આ કહેવાતો દાનવીર લોકોમાં પોતાની ઈમેજ જળવાઈ રહે તે માટે દાન ધરમ કરતો રહે છે. પણ છેલ્લા ૨૬ વર્ષોમાં ભોપાલના અકસ્માત પિડિતો માટે તેમણે મદદ તો નથી જ કરી પણ સહાનુભૂતિનો એક શબ્દ પણ કહ્યો નથી. એ સઘળા ભોગ બનેલાઓનો ચિત્કાર ન્યૂ યોર્ક સુધી પહોંચ્યો છે. ઉદાર દેખાતા એ માણસની અંદરખાનેની દુષ્ટતા તો જુઓ... એ માણસે તેના ડાઉ કેમિકલ્સના અબજોના શેરોની કમાણી ત્રેપન અબજ ડોલર (એટલેકે આશરે રૂપિયા ૨૫૦૦૦ કરોડના માલિક એવા બિલ ગેટસ અણુ રિએક્ટરોની ડિઝાઈન બનાવતી “ટેરાપાવર” કંપનીમાં પણ મોટા શેર ધરાવે છે. “લોસ એજલ્સ ટાઈમ્સ” જેવા જવાબદાર અખબારે બિલ ગેટસના પાખંડનો ભાંડો ફોડતા કહ્યું છે કે- “અધિક પોપ્યુલેશન ફેલાવતી વિશ્વની સૌથી મોટી પાંચ કંપનીઓમાં બિલ ગેટસની મોટી મૂડી રોકાઈ છે. બીજી તરફ તે તેની આવકના માત્ર પાંચ ટકા જ દાન કરે છે; અને તે પણ ખાસ તો ઈન્કમટૅક્સમાંથી છટકવા માટે જ. દર ત્રણ ચાર મહિને બિલ ગેટસ્ પોતાના દાનની પબ્લિસીટી કરવા ભારત તથા યુરોપના અખબારોને ઈન્ટરવ્યૂ આપે છે. તેણે એઈડસ્ માટે આપેલા ૨૮.૭ કરોડ ડોલરના દાનની પણ સ્વયંમ્ વાહવાહી કરી છે.




ટૂંકમાં મામલો કંઈક એવો છે કે બિલ ગેટસ્ દરિયો ભરીને ઝેર વેચે છે પણ અમૃતનું એકાદ ટીપું ય લોકોને આપતા નથી. 2007 માં આટલાન્ટિક મેગેઝીનના પ્રમુખપદેથી ખસી ગયેલા બિલ ક્લીન્ટને બિલ ગેટસ્ નો સૌ પ્રથમ ભાંડો ફોડેલો. તે અંગે રોશે બિલ વિષે લખેલું કે ગરીબ દેશોમાં બ્રિટીશ વડાપ્રધાન ગાઉડન બ્રાઉને સલાહકાર તરીકે રાખ્યો હતો. પણ આ બધામાં ખરી વાત હવે આવે છે; જેમાં બિલની ડાઉકેમિકલ્સના દુષ્કૃત્યોની રામકહાણી રહેલી છે, પણ તે પહેલાં કાન્તિ ભટ્ટની પુત્રી શક્તિ ભટ્ટની મહત્વની વાત જાણવી જરુરી છે. શક્તિ ભટ્ટના મૃત્યુ પૂર્વેના છ વર્ષ પહેલાની એ વાત જણાવતા તેઓ જણાવે છે કે: “સપ્ટેમ્બર- ૨૦૦૨ માં ભારતના ભાગેડુ એવા યુનિયન કાર્બાઈડના ચેરમેન વોરન અન્ડર્સનના બંગલે મારી દીકરી શક્તિ જઈ પડેલી. તેનું ઘર 9.00,000 લાખ કરોડ ડોલરના ખર્ચે તૈયાર થયેલું દુનિયાનું સૌથી લક્ઝરિયસ હોમ હતું. શક્તિએ આગળ લખેલું કે: ભોપાલ ગેસ દુર્ઘટના સબંધે તેમના પર “કલ્પેબલ હોમી સાઈડ” (એટલે કે અપરાધભરી માનવ હત્યા) નો આરોપ હતો. તે છૂપાઈને ફરતો હતો. પણ લોકોએ તેને પકડી પાડ્યો હતો, અને તેના ઘર બહાર હજારો લોકોએ દેખાવ કર્યો હતો. પછી તો ઘણું ઘણું થયેલું. પત્રકાર ગોપાલ કૃષ્ણ કહે છે કે, ડાઉકેમિકલ્સ કંપની ભારતના વડા પ્રધાનને મળી અને પોતાને શુદ્ધ સાબિત કરવાના પ્રયાસ રૂપે દિલ્હીના કેટલાંક મહત્વના રાજકીય માથાઓ પાછળ ૧૪ લાખ ડૉલર ખર્ચેલા. એ ડાઉ કેમિકલ્સ કંપની સેંકડો જંતુ નાશક દવાઓ બનાવે છે. તેનો વકરો વર્ષે દહાડે સો અબજ ડોલરનો છે. એ દવા એવી ખામીયુક્ત હતી કે સાત હજાર અમેરિકનો તેનાથી બીમાર પડી ગયા હતા. કંપનીને 3.25 લાખ ડોલરનો દંડ પણ થયો હતો. અને સત્વરે ત્યાં એ દવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો. ભારતમાં એ દવા ઘુસાડવા માટે તે કંપનીએ કૃષિમંત્રાલયના મોટા માથાઓને બે લાખ ડોલર (એટલે કે) એક કરોડની લાંચ આપી હતી. પરિણામે આજે અમેરિકામાં જે હાનીકારક સાબિત થવાથી પ્રતિબંધિત છે તે દવા ભારતમાં છૂટથી વેચાય છે અને વપરાઈ પણ છે.

**અધિક પોપ્યુલેશન ફેલાવતી વિશ્વની સૌથી મોટી પાંચ કંપનીઓમાં બિલ ગેટસની મોટી મૂડી રોકાઈ છે. બીજી તરફ તે તેની આવકના માત્ર પાંચ ટકા જ દાન કરે છે; અને તે પણ ખાસ તો ઈન્કમટેક્સમાંથી છટકવા માટે જ**

## ધૂપછાંવ

તાત્પર્ય એટલું જ કે આ સઘળા વિષચક્રમાં બિલ ગેટસનું મૂડી રોકાણ તો થયેલું જ હતું પણ તેના ઊંચા નફામાં પણ બિલ ગેટસને હિસ્સો મળે છે. દોસ્તો, બિલ ગેટસની આ માહિતિ જો સાચી હોય તો તેમને જરૂર પૂછી શકાય કે તમે એરણની ચોરી કરીને સોયનું દાન કરો છો. ત્યારે તમારા જેવા બુદ્ધિશાળી ધનવાનને એટલો ખ્યાલ તો અવશ્ય હશે જ કે દુનિયાના દુષ્ટોની સહકારી મંડળીમાં તમે પોતે પણ સામેલ છો. તેમને પ્રાપ્ત થતા અઢળક નાણાની સામે જે કરોડો રૂપિયાનું નુકસાન અને અનેક જાનહાનિ થઈ રહી છે. તેનો વિચાર કરવો જોઈએ. અને સેકંડનોય વિલંબ કર્યા વિના એવી દુષ્ટતામાંથી પોતાનો હાથ ખેંચી લેવો જોઈએ.

ઈશ્વર સૌને સદ્બુદ્ધિ આપે.